# ભાવનગર મહાનગરપાલિકા,

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા પાસે, ભાવનગર.

એસેસમેન્ટ સેલ
જા.નં. 53
25/4/25

એસેસમેન્ટ વિભાગ,
તા.૨૫-૦૪-૨૦૨૫

**પ્રેસ નોટ**

**ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સમાવિષ્ટ મિલ્કતોની મિલ્કત વેરા ફેર-આકારણી કરાવવા તથા મિલ્કતધારક પોતાની મિલકતમાં થતા ફેરફારની સામેથી જાણ કરી આકારણી કરાવે તો તેના થતા ફાયદા બાબત**

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ મિલ્કતોની ધ જી.પી.એમ.સી. એક્ટની અનુસુચિ ક, પ્રકરણ-૮ની કલમ-૮(૪) તથા ૨૧(૨) અન્વયે મિલ્કત વેરા ફેર-આકારણી સબબ ઘરવેરાની કાર્પેટ એરિયા કરપધ્ધતી અનુસારની જી.આઇ.એસ. બેઝડ રી-સર્વેની કામગીરી મહાનગરપાલિકાનાં એસેસમેન્ટ વિભાગની સર્વે ટીમો દ્વારા કરવામાં આવે છે. આ ફેર-આકારણીથી નગરજનોને ઘણા ફાયદા થાય છે. જે નીચે મુજબ છે:

- ❖ મિલ્કતધારકોને તેમની મિલ્કતની રી-સર્વેની કામગીરી પૂર્ણ થતા, અત્રેથી ગુલાબી ફોર્મ આપવામાં આવે છે, જે તમામ સરકારી ક્ષેત્રોમાં એક અગત્યના પુરાવા તરીકે રજુ કરી શકાય છે.
- ❖ રી-સર્વે દરમિયાન મિલ્કતમાં થયેલ સુધારા-વધારાની પ્રમાણિત ડ્રોઈંગ શીટની નકલ આપના ગુલાબી ફોર્મમાં આપવામાં આવે છે. આ ગુલાબી ફોર્મમાં આપની મિલ્કતનું ચોક્કસ માપ સાથેનું વેરીફાય થયેલું સાચું બીલ આપને મળી રહે છે.
- ❖ રી-સર્વે દરમિયાન મિલ્કતધારક સહકાર આપે તો અત્રેની સર્વે ટીમો દ્વારા આપની મિલ્કતનો તમામ ડેટા અત્રેના સોફ્ટવેરમાં ઉપલબ્ધ થઇ શકે છે. જેને લીધે આપની મિલ્કત અન્વયે ભા.મ.ન.પામાં એક રેકોર્ડ ઉપસ્થિત થયેથી આપની મિલ્કત અન્વયે કોઈ અનુચિત થવાની શક્યતા રહેતી નથી.
- ❖ ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ફેર આકારણી વોર્ડ વાઈઝ થાય છે તથા તમામ સર્વે ટીમોને ઓળખપત્ર આપવામાં આવેલ છે. ઉક્ત આકારણીની કામગીરી હેતુ સર્વે ટીમોને દરેક મિલ્કતની અંદર પ્રવેશ કરી માપણી/આકરણી સંબધિત જરૂરી કાર્યવાહી કરવા દેવા તથા મિલ્કતના જરૂરી આધારો જેવા કે માલિકી આધાર, મિલ્કત વેરાની પહોંચ / બિલ, અગાઉના પીળા સર્વે ફોર્મની નકલ, લાઇટ બિલ, ફોટો આઇ.ડી. પ્રુફ, મંજુર થયેલ બિલ્ડિંગ પ્લાન, રજા ચિઠ્ઠી તથા કમ્પ્લીશન સર્ટીફિકેટ વગેરે પૈકી જે આધારો ઉપલબ્ધ હોય તે સર્વે ટીમોને બતાવવા માટે સ્થળ પર હાજર રાખવા તથા સર્વે ટીમોને માપણી / આકરણી માટે જરૂરી સહકાર આપવા તમામ મિલ્કતધારકોને આથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે.
- ❖ ભાવનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ મિલ્કતોની ધ જી.પી.એમ.સી. એક્ટની અનુસુચિ ક, પ્રકરણ-૮ની કલમ-૫ અન્વયે મિલ્કત ધારક તેમની મિલ્કતના બાંધકામમાં કોઈ ફેરફાર કરે, ઉપયોગમાં બદલાવ કરે કે ભોગવટામાં ફેર કરે તો તેની જાણ સામેથી મહાનગરપાલિકામાં કરે તો, તુરંત જ તેની ઈફેક્ટ આપના મિલ્કતવેરાના બીલમાં ઘરવેરા વિભાગેથી કરી આપવામાં આવે.
- ❖ આપની મિલ્કતમાં જો કોઈ સુધારા-વધારા થાય તેમની જાણ આપ ભાવનગર મહાનગરપાલિકામાં સામેથી કરો તો, આપને સાચું બીલ મળી શકે, તેમજ બીલ મળતા, જો મિલ્કતધારક આપેલ સમયમર્યાદામાં પૈસા ભરે, તો વિના કારણે ચડતું વ્યાજ અટકાવી શકાય છે. તેમજ જપ્તી અને સીલ મારવાના સંજોગોથી બચી શકાય છે. તેમજ એકસાથે આટલા મોટા વેરા બીલથી બચી શકાય છે.

25/4/25
એસેસમેન્ટ ઓફિસર,
ભાવનગર મહાનગરપાલિકા,
ભાવનગર.

O/c
25/4/25

.................................................................................

પ્રતિ,

તંત્રીશ્રી,

.....................................,

.....................................,

સવિનય આપના બહોળા પ્રસિધ્ધી ધરાવતાં સ્થાનિક દૈનિક વર્તમાન પત્રમાં ઉક્ત જાહેર નિવિદા લોક-હિતાર્થે વિનામુલ્યે પસિધ્ધ કરાવી આપવા સંબધે ઘટતું કરવા વિનંતી છે.

જન સંપર્ક અધિકારી,
ભાવનગર મહાનગરપાલિકા,
ભાવનગર